# Y. S. ARTS & K. S. SHAH COMMERCE COLLEGE

**Devgadh Baria, Dist. Dahod**

**CONDUCTED BY: BARIA HIGHER EDUCATION SOCIETY**

# સીનીયર ક્લાર્ક (સંવર્ગ-3) ભરતી ૨૦૨૬

બારીયા હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કોમર્સ કોલેજ, દેવગઢ બારીયા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના તા. ૨૩-૦૯-૨૦૨૫ ના પત્ર થી વર્ગ-3 ની સીનીયર ક્લાર્કની જગ્યા ભરવા માટે મંજૂરી મળેલ છે. ભરતીની જગ્યા ભરવા માટે નિયત કરેલ અરજી ફોર્મ અને અરજી સાથે જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલ જોડવી ફરજિયાત છે. જગ્યાની ભરતી સંબંધિત જરૂરી વિગતો કોલેજ ની Website: www.devbariacollege.org પર મુકેલ છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કેટેગરી | NOC ક્રમાંક | પગાર | લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|
| સીનીયર ક્લાર્ક સંવર્ગ-3 | ૧ (એક) | OPEN (બિનઅનામત) | કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૭૧૯-૨૧ તા.: ૨૩-૦૯-૨૦૨૫ | ૨૬૦૦૦/- (પાંચ વર્ષ માટે ફિક્સ પગાર) | સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી, ગુજરાત સરકારની માન્ય સંસ્થાની કોમ્પ્યુટર પરીક્ષા પાસ | ૨૦ થી ૩૫ વર્ષ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ |

(1) સદર જગ્યા સરકારશ્રી ના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહિવટ વિભાગ તથા નાણાં વિભાગના વખતો વખતના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ અને લેખિત પરિક્ષાના અભ્યાસક્રમ તેમજ પરીક્ષાના માળખા પ્રમાણે ભરતી કરવામાં આવશે. (2) અન્ય કોઈ ભથ્થાકીય લાભો મળવાપાત્ર નથી. વિદ્યાર્થી સંખ્યા ઘટે અથવા કોઈ કારણોસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. (3) પાંચ વર્ષ પૂર્ણ થયેલી સેવાની સમીક્ષા કર્યા બાદ યોગ્ય જણાશે તો જ નિયમિત કરી શકશે અને નિયમોનુસર પગાર ધોરણ લાગુ પડશે. (4) નિમણૂક પામેલ ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબની NOC માં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. (5) અધૂરી અથવા અસ્પષ્ટ વિગતોવાળી, પ્રમાણપત્રો સ્વપ્રમાણિત કર્યા વગરની અરજી તથા નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજી આપોઆપ રદ ગણાશે. (6) ઉમેદવારોએ જાહેરાત પ્રશિદ્ધ થયા તારીખથી જાહેર રજાઓ સિવાયના દિન-15 માં સ્પીડ પોસ્ટ અથવા રજીસ્ટર પોસ્ટ એડી દ્વારા અરજી કરવાની રહેશે. (7) અરજી સાથે પોતાના સરનામાવાળું ૯ x ૪ નું ખાલી કવર તથા રૂ. ૪૦/- ની ટપાલ ટિકિટ લગાવવી. (8) બિનઅનામત કેટેગરી માટે અરજી કરનાર ઉમેદવારે રૂ. ૧૦૦૦/- નો Y S Arts and K S Shah Commerce College, Devgadh Baria ના નામ નો ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) અવશ્ય સામેલ રાખીને નીચેના સરનામે મોકલી આપવી. (9) કોલેજની website ઉપરથી નિયતનમુનાનું અરજી ફોર્મ ડાઉનલોડ કરી તે નિયત ફોર્મ સ્વ-હસ્તાક્ષરમાં જ અરજી કરવાની રહેશે. (10) ભરતીને લગતી વધુ વિગતો માટે કોલેજની વેબસાઇટ સતત જોતાં રહેવું, (11) આ અગાઉ જે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ છે તેઓએ પણ પુનઃ અરજી કરવાની રહેશે, જેમાં ડિમાન્ડ ડ્રાફ્ટની જોડવાની જરૂરિયાત નથી.

**અરજી કરવાનું સરનામું:**

**To The Principal, Y S Arts and K S Shah Commerce College, Hathithana, Devgadh Baria, Dist. Dahod – 389380.**

# Y. S. ARTS & K. S. SHAH COMMERCE COLLEGE

**Devgadh Baria, Dist. Dahod**

**CONDUCTED BY: BARIA HIGHER EDUCATION SOCIETY**

# અગત્ય ની સૂચનાઓ

- બારીયા હાયર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કોમર્સ કોલેજ, દેવગઢ બારીયા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના તા. ૨૩-૦૯-૨૦૨૫ ના પત્ર થી વર્ગ-૩ ની સીનીયર ક્લાર્કની જગ્યા ભરવા માટે મંજૂરી મળેલ છે. આ માટે ઉમેદવારોએ https://devbariacollege.org/ વેબસાઇટ પર તા. ૨૬-૦૨-૨૦૨૬ થી જાહેર રજાઓ સિવાયના દિન-૧૫ (પંદર દિવસ) માં **સ્પીડ પોસ્ટ** અથવા **રજીસ્ટર પોસ્ટ એડી** દ્વારા જ અરજી કરવાની રહેશે. અન્ય કોઈ પણ મધ્યમથી કરેલ અરજી **"રદ"** ગણવામાં આવશે.
- કોલેજની website ઉપરથી નિયતનમુનાનું અરજી ફોર્મ ડાઉનલોડ કરી તે નિયત ફોર્મમાં જ અરજી કરવાની રહેશે. અરજી માટેનું અરજી ફોર્મ website પર આપેલા નમૂના મુજબ નું જ હોવું જોઈશે અન્ય કોઈ પણ રીતે કરેલ અરજી માન્ય ગણવામાં આવશે નહીં.
- અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ અરજી કરતાં પહેલા ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.
- મળેલ NOC OPEN (બિન-અનામત) કેટેગરી માટે છે, અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો અને નિયમો લાગુ પડશે.
- ઉમેદવાર ભારતીય નાગરિક હોવો જોઈએ.
- **વયમર્યાદા:**
  - ઉંમર **૨૦ વર્ષથી** ઓછી નહીં અને **૩૫ વર્ષથી** વધુ ન હોવી જોઈયે.
  - ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મુજબ વયમર્યાદામાં છૂટછાટ મળશે.
- **શૈક્ષણિક લાયકાત:**
  - ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ ની કલમ – ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **સ્નાતકની પદવી** ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.
  - કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
  - ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- **પગાર ધોરણ:**
  - સીનીયર ક્લાર્ક માટે પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર **ફિક્સ પગાર રૂ. ૨૬,૦૦૦/-** ત્યાર બાદ પાંચ વર્ષને અંતે તેની સેવાઓ સંતોષકારક જણાય તો શિક્ષણ કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે.
- **અરજી તથા પરીક્ષા ફી:**
  - સીનીયર ક્લાર્ક માટે ની ભરતી માટે કુલ ૨ (બે) પરીક્ષાઓ લેવામાં આવશે:
    - પ્રાથમિક પરીક્ષા
    - મુખ્ય પરીક્ષા

Y. S. Arts & K. S. Shah Commerce College
Dev. Baria

- અરજી સમયે કુલ **રૂ. ૧૦૦૦ /- (અંકે રૂપિયા એક હજાર)** નો ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) તૈયાર કરી અરજી સાથે મોકલવાનો રહેશે.
- ડિમાન્ડ ડ્રાફ્ટ (DD)વગર ની અરજીઓ માન્ય ગણાશે નહીં અને **"રદ"** કરવામાં આવશે.
- પરીક્ષા સમયે અલગથી કોઈ પણ પ્રકારના નાણાકીય શુલ્ક લેવામાં આવશે નહીં.

- **પરીક્ષા પદ્ધતિ:**
  - **પ્રાથમિક પરીક્ષા**
    - પ્રાથમિક પરીક્ષા **૧૫૦ પ્રશ્નોના** પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે. પરીક્ષા નો સમય **૧૨૦ (120) મિનિટ**નો રહેશે.
    - પ્રાથમિક પરીક્ષાના પ્રશ્નપત્ર માટે નીચે આપેલા તબક્કાઓ ધ્યાનમાં લેવામાં આવશે:

| | | |
|---|---|---|
| ૧. | Reasoning (રીજનિંગ) | ૬૦ માર્કસ |
| ૨. | Quantitative Aptitude (ક્વૉન્ટિટેટિવ એપ્ટિટ્યૂડ) | 30 માર્કસ |
| 3. | English (ઈંગ્લિશ) | ૧૫ માર્કસ |
| ૪. | Gujarati (ગુજરાતી) | ૧૫ માર્કસ |
| ૫. | General Awareness & Current Affairs | 30 માર્કસ |
| | **TOTAL (કુલ)** | **૧૫૦ માર્કસ** |

    - પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ **૦.૨૫ ગુણ નેગેટિવ માર્કિંગ** રહેશે.
    - પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રિનિંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
    - પ્રાથમિક પરીક્ષામાં ન્યૂનતમ ગુણવત્તા ધોરણ **૪૦ ટકા** રાખવામા આવેલ છે.
  - **મુખ્ય પરીક્ષા**
    - પ્રાથમિક પરીક્ષામાં ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા માર્કસ મેળવેલ ઉમેદવારને મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
    - પ્રાથમિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ **વર્ણાત્મક પદ્ધતિ**માં લેવામાં આવશે.

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| I | Gujarati Language Skill | 100 | દરેક પેપર માટે 3 કલાક (3 Hours) |
| II | English Language Skill | 100 | |
| III | General Studies | 150 | |
| **TOTAL MARKS** | | **350** | **ટોટલ ૯ કલાક** |

Y. S. Arts & K. S. Shah Commerce College Dev. Baria

- ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડી દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો અને ઈ-મેઈલ નિયમિત રીતે જોતાં રહેવું એ ઉમેદવાર માટે હિતાવહ છે.
- ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ માહિતી કે વિગત અને અસલ પ્રમાણપત્રો ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરના પગલાં લેવામાં આવશે અને તે ઉમેદવાર ની અરજી **"રદ"** કરવામાં આવશે.

Y. S. Arts & K. S. Shah Commerce College
Dev. Baria

તારીખ: ૨૯ ડિસેમ્બર, ૨૦૨૯
સ્થળ: દેવગઢ બારિયા

**પ્રિન્સિપાલ**
**વાય. એસ. આર્ટ્સ & કે. એસ. શાહ કોમર્સ કોલેજ,**
**દેવગઢ બારિયા**